

# વાવોલમાં મનપાની ટીમે સપાટો બોલાવી વર્ષો જુના દબાણો હટાવ્યાં

## કોલવડા ચોકડીએ ટીપી નંબર-૧૩ના પ્લોટ નં.૨૭૮નો ૨૯૨૯ ચોમી વિસ્તાર દબાણમુક્ત કરાયો : કોઇ અનિચ્છનીય બનાવ ના બને તે માટે પોલીસ કાફલો પણ હાજર રખાયો

આજે સવારે ગાંધીનગર મહાનગરપાલિકામાં સમાવાયેલા વાવોલમાં પુન્દ્રાસણ-કોલવડા ચોકડી તરીકે ઓળખાતા વિસ્તારમાં મનપાના દબાણ તંત્રએ સપાટો બોલાવ્યો હતો અને વર્ષો જુના હંગામી દબાણોને હટાવી દીધાં હતાં. આ કામગીરી દરમ્યાન કોઈ ઘર્ષણ કે અનિચ્છનીય બનાવ ના બને તે માટે પોલીસ કાફલો પણ હાજર રખાયો હતો. દબાણ હટવાયા તેની આસપાસમાં ભરચક રહેણાંક વિસ્તાર હોવાથી ખુબજ ટ્રાફિકથી સતત ધમધમતા રહેતા આ વિસ્તારમાં મનપાની આ કામગીરીના પગલે ગેરકાયદેસર દબાણો હટવાથી જોખમી પાંચ રસ્તા ખાતેથી પસાર થતાં અકસ્માતનો ભય ઓછો થશે તેવી આશાએ વાવોલના રહીશોમાં આનંદનું મોજુ પ્રસરી જવા પામ્યું હતું.

વાવોલમાં દબાણ હટાવવાની કામગીરીમાં સામેલ સિનિયર ટાઉન પ્લાનિંગ અધિકારી જે.કે.ત્રિવેદીએ જણાવ્યું હતું કે "વાવોલની ટીપી નંબર-૧૩ના પ્લોટ નં.૨૭૮ જે શાલીન ટેનામેન્ટની બાજુમાં જોગણી માતાના મંદિર સામે કુલ ૨૯૨૯ ચોરસ મીટર જગ્યા ધરાવે છે તે અગાઉ ગુડાનો રીઝર્વ પ્લોટ હતો જેના પર વર્ષોથી ગેરકાયદેસર દબાણોનો અડ્ડો હતો જે અંગે અગાઉ અનેકવાર દબાણકર્તાઓને નોટીસ આપવામાં આવી ચુકી છે અને મનપામાં સમાવેશ પછી આ પ્લોટ મનપાને સોંપાતા કામગીરી કરાઈ છે અને જગ્યાને દબાણ મુક્ત કરવામાં આવી રહી છે." અત્રે ઉલ્લેખનીય છે કે આ પ્લોટમાં મંડપ ડેકોરેશનના મોટા ગેરકાયદેસર ગોડાઉન સહિત પાનના ગલ્લાં, ખાણી-પીણીની લારીઓ, ટાયર પંકચર રીપેરિંગની દુકાનો, નાની હોટલો અને ઢાબા ધમધમતા હતા. દબાણ હટાવવા માટે પોલીસ કાફલા સાથે મનપાની ટીમ ઉતરી આવી હતી જેમાં બે જેસીબી મશીન તેમજ એક ટ્રેકટર ટ્રોલી સહીતના સાધનો કામે લગાડાયાં હતાં.





### દબાણવાળા પ્લોટમાં સાત પીપળા અને બે લીમડાં

મનપા દ્વારા જે પ્લોટમાંથી આજે દબાણ હટાવાયું બે પ્લોટમાં વર્ષો જુના સાત પીપળા અને બે લીમડાંના ઝાડ સહિત કેટલાંક બાવળના વૃક્ષો પણ છે, દબાણકર્તાઓએ આ વૃક્ષોને પણ દબાણમાં આવરી લેતા તેનો પણ વિકાસ રૂંધાઈ ગયો હતો. જોકે મનપાની દબાણ ટીમે આ વૃક્ષોને નુકશાન ન થાય તે રીતે દબાણ હટાવવાની કામગીરી કરી હતી જે માટે આ વિસ્તારના પર્યાવરણ પ્રેમીઓએ મનપાની ટીમની કામગીરીની પ્રસંશા કરી હતી.

### દબાણો હટવાનું શરૂ થતાં વાવોલ વિસ્તારમાં આનંદ પ્રસર્યો

કોલવડા ચાર તરીકે ઓળખાતી આ ચોકડીએ હકીકતમાં કુલ પાંચ વસતા એકત્રિત થતાં હતાં જે પૈકી એક રસ્તો કોલવડા તરફ, એક રસ્તો પુન્દ્રાસણ, કલોલ તરફ, એક રસ્તો વારસ તરફ એક રસ્તો ગ્રીન સિટી સોસાયટીની બાજુમાં થઈને વાવોલ ભાગોળ તરફ અને એક રસ્તો ક રોડ તરફ જાય છે. વિસ્તારમાં ચોતરફ રહેણાંક સોસાયટીઓ આવેલી હોવાથી તેમજ જીઆઈડીસીથી કલોલ-એસજી હાઈવે તરફ જવાનો મુખ્ય માર્ગ હોવાથી ભારે વાહનો સહિતનો ભરચક ટ્રાફિક ચોકડીએ જોવા મળે છે. સવારના સાંજના પીક અપ ટાઈમે અહીં અકસ્માતની ભારે જોખમ રહે છે.

### ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લા કલેકટરના અધ્યક્ષપદે આજે બપોર પછી વિવિધ બેઠકોનો દોર ચાલ્યો હતો.
- રાજયના મુખ્ય સચિવે આજે મેટ્રો રેલ પ્રોજેકટ અંગે ખાસ સમીક્ષા કરી હતી.
- ૨૦૨૨-૨૩માં કૃષિ વિભાગની વિવિધ યોજનાઓનો લાભ મેળવવા ઈચ્છતા લાભાર્થીઓ માટે ૨૧મી ફેબ્રુઆરીથી આઈ ખેડૂત પોર્ટલ ખુલશે. જેમાં એક મહિના સુધી રજીસ્ટ્રેશન કરાવી શકાશે.
- વાવોલમાં આજે મનપાના દબાણતંત્રએ સપાટો બોલાવ્યો હતો.
- સે. ૧૩માં જાહેર માર્ગ નજીક ખાડો ખોદવામાં આવ્યો હોવાથી વારંવાર ટ્રાફિક જામના દશ્યો સર્જાય સર્જાયા હતા.
- આજે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ખેલ મહાકુંભના ખેલાડીઓના રજીસ્ટ્રેશન માટેના પોર્ટલનું લોંચીંગ કરશે.
- રાજયના રમત-ગમત વિભાગના સચિવ અશ્વિનીકુમાર વસંતોત્સવના આયોજનને લઈ જિલ્લાતંત્ર સાથે બેઠક વિડીયો કોન્ફરન્સથી કરશે.
- ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળની આજે મહત્વની બોર્ડ બેઠક ચેરમેન ડૉ. ધવલ પટેલના અધ્યક્ષપદે મળશે.
- રૂપાલ પ્રસિદ્ધ વરદાયિની માતાને આજે ડોલરનો વિશેષ શણગાર કરવામાં આવ્યો હતો. એક માઈ ભક્ત એ શણગાર માટે ડોલર મોકલ્યા હતા.
- કોરોનાના નિયંત્રણો આજે વધુ હળવા કરાશે. ભારત સરકારના આરોગ્ય સચિવે પણ પત્ર લખ્યો.

### હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




શાક સમારીને ચપ્પુ સંતાડી રાખજે... આપણાં ઘરમાં જુવાન દિકરો છે... આપણે એવી બબાલ ન જોઈએ...!!

## વૈષ્ણોદેવી બ્રિજ ઉતરતા જાસપુર કટ પાસે

# ડમ્પર પાછળ ધડાકાભેર આઈસર ટકરાતા બે ના મોત

ગાંધીનગર,તા.૧૬

વૈષ્ણોદેવી બ્રિજ ઉતરતા જાસપુર જવાના કટ પાસે આજે સવારના સમયે ઉભા રહેલા ડમ્પર પાછળ અચાનક આઈસર ટ્રક ધડાકાભેર ટકરાતા બે યુવકોના મૃત્યું થયા છે તો બે યુવકોને ઈજા પહોંચી હતી. સરઢવ ગામના યુવકો બગોદરા પાસે ગામમાં ડી.જે.નો પ્રોગામ પૂર્ણ કરીને સરઢવ જઈ રહ્યા હતા. ત્યારે માર્ગમાં અકસ્માત સર્જાયો હતો. અકસ્માતને પગલે આઈસરના આગળના ભાગનો ખુડદો બોલાઈ ગયો હતો.જયારે ફાયરબ્રિગ્રેડની મદદથી બે વાહનોને અલગ પાડી યુવકોના મૃતદેહ ભારે જહેમતબાદ બહાર નીકાળ્યા હતા. બનાવની જાણ થતા અડાલજ પોલીસ પણ ઘટના સ્થળે દોડી ગઈ હતી.

સરઢવ ગામના આકાશભાઈ અતુલભાઈ પટેલ આકાશ સાઉન્ડના નામે ડી.જે.નો પ્રોગામ કરે છે. આકાશભાઈને બગોદરા નજીક ગણેશપુરા ગામે લગ્ન પ્રસંગમાં ગરબામાં પ્રોગામ હોવાથી સાઉન્ડ લઈ જવાનું હતું. જેથી આકાશભાઈની સાથે હાર્દિક બીજલજી ઠાકોર, રોહન ઉમેદજી ઠાકોર અને અર્જુન ભરતભાઈ પટેલને સાથે આવવા કહ્યું હતું. આકાશભાઈ સહિત ચારેય જણા સાઉન્ડની આઈશર ટ્રક નં. જી.જે.૨૩.વાય.-૭૪૪૯ માં ૧૨ સ્પીકર, ૪ મોનીટર અને મશીન-૪ સહિત સામાન મુકીને ગયા હતા. જયારે બગોદરા નજીક ગણેશપુરા ખાતે લગ્ન પ્રસંગમાં સાઉન્ટ સિસ્ટમ ગોઠવી ગરબાનો કાર્યક્રમ કર્યો હતો. કાર્યક્રમ પૂર્ણ કરીને આઈશર ગાડીમાં સાઉન્ડ ગોઠવીને વહેલી સવારે ૪ વાગે બગોદરાથી સરઢવ ગામે આવવા માટે નીકળ્યા હતા. ત્યારે આઈશર આકાશભાઈ ચલાવતા હતા. જયારે ડ્રાઈવર કેબીનમાં ખાલી સાઈડની સીટમાં અર્જુનભાઈ પટેલ બેઠા હતા. જયારે હાર્દિક અને રોહન પાછળ કેરીયરમાં સાઉન્ડના સ્પીકર પર બેઠા હતા. વૈષ્ણોદેવી બ્રિજ પસાર કરી બ્રિજ ઉતરતા જાસપુર પાટીયા પાસે રોડની સાઈડમાં બે ડમ્પર ઉભા હતા. તે સમયે આઈશર ચલાવી રહેલા આકાશભાઈએ અચાનક કાબુ ગુમાવતા આઈસર ધડાકાભેર ડમ્પર ન.જી.જે.૧૮.એ.વી.-૪૬૧૪ની પાછળ અથડાઈ હતી. જેથી પાછળ બેઠેલા રોહન અને હાર્દિક ને પણ કેરીયરની જાળી અથડાતા ઈજા પહોંચી હતી. જયારે અકસ્માતમાં આઈશરના આગળના ભાગનો ખુડદો બોલાઈ જતા અંદર રહેલા બે યુવકોના દબાઈ જતા અને ગંભીર ઈજાને પગલે મોત થયા હતા. જયારે ફાયર ટીમની મદદ લઈ બંને વાહનોને જુદા પાડી બે યુવકોના મૃતદેહને બહાર નીકાળ્યા હતા. બનાવની જાણ થતા સમગ્ર ગામમાં શોકનુ મોજુ ફરી વળ્યું હતું. જયારે હાર્દિક અને રોહનને સારવાર માટે લઈ જતા ખાનગી હોસ્પિટલ ખાતે તેમના પરિવાજનો પણ દોડી આવ્યા હતા. બનાવની જાણ થતા અડાલજ પોલીસ મથકનો સ્ટાફ પણ દોડી આવ્યો હતો. બનાવ અંગે સરઢવ ગામના હાર્દિક બિજલજી ઠાકોરની ફરીયાદ નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## ગાયત્રી પરિવાર દ્વારા હરી હાઈટસ ખાતે પંચકુંડી યજ્ઞ

ગાંધીનગર, તા.૧૬

ગાયત્રી પરિવાર દ્વારા હરી હાઈટસ કુડાસણ ખાતે પંચકુંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં સોસાયટીના સભ્યોની ઉપસ્થિતિમાં પંચકુંડી યજ્ઞ કરવામાં આવ્યો હતો.

## રીક્ષામાં બેસાડેલા પેસેન્જરના મોબાઈલ સેરવી લેતો શખ્સ ઝડપાયો

રીક્ષામાં પેસેન્જરોને બેસાડી રોકડા રૂપીયા તેમજ મોબાઈલ નજર ચુકવી સેરવી લેવાના ગુનામાં નાસતા-ફરતા શખ્સને ખાત્રજ નજીકથી એલસીબી પોલીસે ઝડપી પાડ્યો છે. પોતાના મિત્ર સાથે મળીને આ શખ્સે પેસેન્જર પાસેથી મોબાઈલ સેરવી લીધો હતો. છેલ્લા છ માસથી નાસતા ફરતા શખ્સ સામે પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. છ માસ પૂર્વે ઘટના અંગે પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાઈ હતી. જેમાં કલોલ ખાતે રહેતા મહેશ દશરથ દંતાણી એ મુસાફરને રીક્ષામાં બેસાડી તેની નજર ચુકવી તેનો મોબાઈલ સેરવી લીધો હતો. આ ગુનામાં પોલીસે અમિત ઉર્ફે સોમા દંતાણીની ધરપકડ કરી હતી. જયારે મહેશ દંતાણી નાસતો ફરતો હતો.

# એસ કે હોસ્પિટલ સામે બે એકટીવા ટકરાતા વૃધ્ધનુ મૃત્યુ

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર શહેર નજીક એસ કે હોસ્પિટલ સામે સર્વિસ માર્ગ પર બે એકટીવા વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં એકટીવા ચાલક વૃધ્ધને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા ખાનગી હોસ્પિટલમાં સારવાર દરમિયાન મૃત્યુ નિપજયું હતું. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ નવા કોબા ખાતે સંગાથ બ્લીસ એ.૨૦૩ માં રહેતા ૨૯ વર્ષિય દિપકકુમાર અરવિંદભાઈ પ્રજાપતિ પરિવાર સાથે રહે છે. ઝુંડાલ ખાતે આવેલ સતનામ મોટર્સ માં દિપક પ્રજાપતિ ફરજ બજાવે છે. જયારે તેના પિતા માણસા ડેપોમાં મિકેનીકલ ડિપાર્ટમેન્ટમાં ફરજ બજાવી વય નિવૃત થયા છે. જયારે એકટીવા નં. જી.જે.૧૮.સી.એન.-૭૮૨૧ છે જેનો ઉપયોગ અરવિંદભાઈ ઘરના કામઅર્થે આવન જાવન માટે એકટીવાનો ઉપયોગ કરતા હતા. ગતરોજ સાજના સમયે અરવિંદભાઈ એકટીવા લઈને એસ કે હોસ્પિટલ પાસેથી પસાર થતા હતા. તે સમયે એકટીવા નંબર જી.જે.૧૮.સી.એફ.-૨૫૩૨ ના ચાલકે પોતાનું એકટીવા પુર ઝડપે અને ગફલતભરી રીતે હંકારી અરવિંદભાઈના એકટીવા ટકકર મારી હતી. આ અકસ્માતમાં અરવિંદભાઈ એકટીવા પરથી નીચે પટકાતા શરીરે તેમજ માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. આ બનાવને પગલે સ્થાનિક નાગરીકો એકઠા થઈ ગયા હતા. જયારે ઈજાગ્રસ્તને સારવાર માટે ખાનગી હોસ્પિટલ ખાતે લઈ જવાયા હતા. જયા અરવિંદભાઈનું ગંભીર ઈજાઓને પગલે સારવાર દરમિયન મૃત્યુ નિપજયું હતું. બનાવ અંગે તેમના દિકરાએ ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસો આગળની તપાસ હાથ ધરી છે.

## ઝાંક જીઆઈડીસીમાંથી ૬ બાળ મજૂરને મુક્ત કરાવાયા

ગાંધીનગર, તા. ૧૬

દહેગામ તાલુકામાં આવેલી ઝાંક જીઆઈડીસીમાંથી આજે ૬ જેટલા બાળમજૂરોને મુક્ત કરાવવામાં આવ્યા છે અને બાળમજૂર રાખનાર ઔદ્યોગિક એકમ સામે પોલીસ ફરિયાદ કરવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે ઝાંક જી.આઈ.ડી.સી.માં આવેલ મોર્ડન ગૃહ ઉદ્યોગમાં બાળમજૂરો પાસે કામ કરાવવામાં આવતુ હોવાની માહિતીના આધારે ‘‘બચપન બચાવો’’ સંસ્થાના સ્ટેટ કો-ઓર્ડીનેટર દ્વારા દહેગામ પોલીસને સાથે રાખી તપાસ કરવામાં આવતાં ૬ બાળ મજૂર હાથ લાગ્યા હતા.

જે બાળ મજૂર છ મળી આવ્યા હોવાથી કારખાનાના માલિક તેમજ ઠેકેદાર સામે પોલીસ ફરિયાદ નોંધાવામાં આવી છે. ત્રણ નેપાળના એક રાજસ્થાનનો, એક પ.બંગાળ અને એક બિહારનો બાળમજૂર કામ કરતા હાથ લાગ્યા હતા. આ બાળમજૂરોને બાળ સંરક્ષણ ગૃહ ખાતે મોકલી આપવામાં આવ્યાનું જાણવા મળેલ છે.

### જાહેર નોટીસ

અરજદારના વિ.વ.શ્રી બી. એમ. કોઠારી

મોડાસાના મે. ત્રીજા એડીશનલ જ્યુડી. મેજી. ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં, મુ. મોડાસા

ફો.પ.અ.નં. ૧૦/૨૦૨૨

આંક : ૦૪

અરજદાર : દિનેશભાઈ રણછોડભાઈ નાયક
રહે. સરડોઈ, તા. મોડાસા, જી. અરવલ્લી

વિરૂદ્ધ

સામાવાળા : જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી,
સરડોઈ ગ્રામ પંચાયત, સરડોઈ, તા. મોડાસા, જી. અરવલ્લી

બાબત : જન્મ નોંધણી અધિનિયમની કલમ ૧૩(૩) મુજબ...

આથી લાગતા વળગતા તમામ ઈસમોને આ જાહેર નોટીસ પ્રસિદ્ધ કરી જાણ કરવામાં આવે છે કે, અત્રેની કોર્ટમાં અરજદાર દિનેશભાઈ રણછોડભાઈ નાયકનાઓએ તેમના પુત્રના નામે જયદત્તકુમાર નાયક નાઓનો જન્મ તા. ૧૯/૮/૧૯૯૯ના રોજ સરડોઈ ગામે તેમના ઘર થયેલ હોઈ જે જન્મની નોંધણી કાયદાકીય અજ્ઞાનતા અગર કોઈ અગમ્ય કારણોસર જેતે સમયે નોંધાવવાની રહી ગયેલ હોઈ જે જન્મની નોંધણી કરાવવા માટે અત્રેની કોર્ટમાં અરજ કરેલ છે. જેમના જન્મની નોંધણી જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી, સરડોઈ ગ્રામ પંચાયત, મુ. સરડોઈ, તા. મોડાસામાં નોંધી જન્મનો દાખલો મેળવવાનો હોઈ જે બાબતે જે ઈસમોને વાંધો, હરકત કે હેલો હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિદ્ધ થયેથી મુ. તા. ૧૪/૩/૨૦૨૨ના રોજ અત્રેની કોર્ટમાં સવારના ૧૧:૦૦ વાગે હાજર થઈ લેખિતમાં વાંધાઓ રજૂ કરવા, જો તેમ કરવામાં કસુર થયેથી અરજી બાબતે આગળની યોગ્ય તે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેની જાહેર જનતાએ નોંધ લેવી.

આજ તા. ૧૬મી માહે ફેબ્રુઆરી સને ૨૦૨૨ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યા

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | | હુકમથી |
|---|---|---|---|
| સહી/- | સહી/- | કોર્ટનો સિક્કો | સહી/- |
| (ટી. સી. પટેલ) | (આર. આર. બરંડા) | | (એન.એસ. ભાટી) |
| આસી. | ઈ.ચા. સુપ્રિ. | | રજીસ્ટ્રાર |

ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ કોર્ટ, મોડાસા


